રાજ્ય સરકારના ઈ-ગવર્નન્સની નીતિ અંગે
વર્ગ-૧ થી વર્ગ-૩ના સીધી ભરતી તેમજ
બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું
ફરજિયાત બનાવવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૦૭-૩૯૩૧૨૧-ગ.૨
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૧૧/૨૦૦૭

વંચાણે લીધા : (૧) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક:પરચ-/૧૦૨૦૦૩/૬૩૯/(૧)/ગ.૨
તા.૧૧/૮/૨૦૦૩ તથા તા.૧૭/૮/૨૦૦૪ તથા તા.૧૩/૧/૨૦૦૫,તા.૨૪/૬/૦૫
તા.૧/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૩/૬૩૯/(૧)/ગ.૨

**<u>ઠરાવ</u>**

રાજ્ય સરકારની ઈ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ના સીધી ભરતી તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગેની સૂચનાઓ તથા કાર્યપધ્ધતિ અંગે સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪ના પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવી છે. તથા વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૦૫, તા.૨૪/૬/૦૫ના ઠરાવથી સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ અભ્યાસક્રમો/કોર્ષના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેના અનુસંધાને કેટલાક વધારાના અભ્યાસક્રમોને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી તે અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી મેળવેલ બેચલર ઓફ કોમર્સ (કોમ્પ્યુટર)ના ત્રણ વર્ષના અભ્યાસક્રમને સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૨. રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીની સી.સી.સી.લેવલ ઉપરાંત આ અભ્યાસક્રમના પ્રમાણપત્રને પણ માન્ય ગણવાના રહેશે.

૩. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સાયન્સ અને ટેકનોલોજી વિભાગની તા.૨૯/૧૦/૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
X સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર,
X રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
X સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
X સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
X સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
સચિવાલયના તમામ વિભાગો,
સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડા,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
<u>સીલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા,</u>
X પત્ર દ્વારા.